# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અખબારી યાદી દ્વારા જણાવે છે કે, રાજ્ય સરકારશ્રી દ્વારા ધોરણ-૧૨ના નિયમિત, રીપીટર, ખાનગી અને પૃથ્થક ઉમેદવારોની બોર્ડની જાહેર પરીક્ષા તા.૦૧/૦૭/૨૦૨૧ થી યોજવા જાહેરાત કરેલ હતી પરંતુ તે સમયની કોરોના સંક્રમણની પરિસ્થિતિ ધ્યાને લઇને, તે પરીક્ષાઓ મોકુફ રાખવાનો નિર્ણય તા.૦૨/૦૬/૨૦૨૧ના રોજ લીધેલ હતો.

રાજ્ય સરકારશ્રી દ્વારા હાલની કોરોના સંક્રમણની સ્થિતિનું મૂલ્યાંકન કરીને, ઘટતા જતા સંક્રમણની પરિસ્થિતિને ધ્યાને લઇ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના રીપીટર, ખાનગી અને પૃથ્થક ઉમેદવારોની પરીક્ષા યોજવા નિર્ણય કરેલ છે. જેના અનુસંધાને, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના રીપીટર, ખાનગી અને પૃથ્થક ઉમેદવારોની પરીક્ષા તા.૧૫/૦૭/૨૦૨૧ ગુરૂવારથી યોજવામાં આવશે. પરીક્ષા અંગેનો વિગતવાર કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે.

શાળાના આચાર્યોએ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના રીપીટર, ખાનગી અને પૃથ્થક ઉમેદવારોને તથા તેઓના વાલીઓને જાણ કરવાની રહેશે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

સ્થળ :- ગાંધીનગર

તા. ૧૯/૦૬/૨૦૨૧